# રાજ્ય પરીક્ષા બોર્ડ, ગુજરાત રાજ્ય, સેક્ટર-૨૧, ગાંધીનગર

**નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, જિલ્લા પ્રાથમિક શિક્ષણ સમિતિ અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના નિયંત્રણ હેઠળની પ્રાથમિક શાળાઓના દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે ખાસ શિક્ષકોની (સ્પેશ્યલ એજ્યુકેટર) ખાસ શિક્ષક યોગ્યતા કસોટી-I (Sp.TET-I)-2025 પરીક્ષાનું જાહેરનામું**

જાહેરનામાં ક્રમાંક:રાપબો/Sp.TET-I/૨૦૨૫/૮૯૪૨ - ૯૦૬૪ તા:31/07/2025

નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણના તા.૧૩/૧૨/૨૦૨૪ પત્ર ક્રમાંક:પ્રાશિનિ/વિસભ/૨૦૨૪/૩૨૭૬ તેમજ નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરીના તા.૨૭/૦૨/૨૦૨૫ના પત્ર ક્રમાંક:DSD/0305/02/2025 થી "(સ્પેશ્યલ એજ્યુકેટર) ખાસ શિક્ષક યોગ્યતા કસોટી-I (Sp.TET-I)-૨૦૨૫" નું આયોજન કરવા રાજ્ય પરીક્ષા બોર્ડને જણાવવામાં આવેલ છે.

શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા.૧૭-૦૨-૨૦૨૩ના નોટીફિકેશન No.KH /SH.07/PRE/112022/SF-15/K, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક:પીઆરઇ-૧૧૨૦૨૩/સી.ફા.-૧૫/ક તા.૧૭/૦૨/૨૦૨૩ અને શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર ઠરાવ ક્રમાંક:પીઆરઈ-૧૧૨૦૨૩/સી.ફા.-૧૫/ક/ન તા.૧૬/૦૯/૨૦૨૩ મુજબ નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, જિલ્લા પ્રાથમિક શિક્ષણ સમિતિ અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના નિયંત્રણ હેઠળની પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા દિવ્યાંગ બાળકો માટે ધોરણ ૧ થી ૫ના ખાસ શિક્ષકો(સ્પેશ્યલ એજ્યુકેટર) માટેની સરખા ક્રમાંકના સુધારા ઠરાવ તથા તેમાં થયેલ વખતો વખતના સુધારાથી ખાસ શિક્ષકો(સ્પેશ્યલ એજ્યુકેટર) નિમણૂંક માટેના ધારા-ધોરણો નિયત થયેલ છે.

નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણની સિંગલ ફાઇલ નં.૧/૨૦૨૩ના અનુસંધાને શિક્ષણ વિભાગ, સચિવાલય ગાંધીનગરના પત્રક્રમાંક:પીઆરઇ/૧૧૨૦૧૨/સીસી-૬૮૭/ક તા. ૧૩-૦૨-૨૦૨૩થી પ્રાથમિક શાળાઓમાં દિવ્યાંગ બાળકો માટેના ખાસ શિક્ષકોની જગ્યા (CP, H.I./S.I., M.D, SLD, I.D/M.R., T.B/ L.V, ASD ની દિવ્યાંગતા કેટેગરી) માટે TET પરીક્ષા આયોજિત કરવા રાજ્ય પરીક્ષા બોર્ડને સુચના આપવામાં આવેલ છે.

શિક્ષણ વિભાગના ઉક્ત પત્રની વિગતે પ્રાથમિક શાળા (ધોરણ ૧ થી ૫)માં ખાસ પ્રાથમિક શિક્ષક/વિદ્યાસહાયક તરીકે નિમણૂંક મેળવવા માટેની જરૂરી લાયકાત મેળવવા આવશ્યક "ખાસ શિક્ષક યોગ્યતા કસોટી-I યોજવા માટે પરીક્ષા રાજ્ય પરીક્ષા બોર્ડ,કસોટી-I યોજવા માટે રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગરને અધિકૃત કરવામાં આવેલ છે.

પ્રાથમિક શાળા(ધોરણ ૧ થી ૫)માં ખાસ પ્રાથમિક શિક્ષક/વિદ્યાસહાયક તરીકે નિમણૂંક મેળવવા માટેની નિયત લાયકાત ધરાવતા ઉમેદવારો માટે ખાસ શિક્ષક યોગ્યતા કસોટી-I-૨૦૨૫ (Special Educator) Special Teacher Eligibility Test-I (Sp.TET-I)-2025) રાજ્ય પરીક્ષા બોર્ડ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા યોજવા આથી જાહેરનામું બહાર પાડવામાં આવે છે. સદર કસોટી/પરીક્ષાનું આયોજન રાજ્ય પરીક્ષા બોર્ડના સંચાલન હેઠળ ઉમેદવારોની સંખ્યાને આધારે નક્કી કરેલ ગુજરાત રાજ્યના જિલ્લાઓમાં જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ મારફતે કરવામાં આવશે.

❖ ખાસ શિક્ષક યોગ્યતા કસોટી-I-૨૦૨૫ (Sp.TET-I-2025)નો કાર્યક્રમ:

| ક્રમ | વિગત | તારીખ/સમયગાળો |
|---|---|---|
| ૧ | જાહેરનામું બહાર પાડવાની તારીખ | **31/07/2025** |
| ૨ | ઉમેદવારો માટે રજીસ્ટ્રેશન ફોર્મ ઓનલાઈન ભરવાનો સમયગાળો | **08/08/2025 થી 19/08/2025** |
| ૩ | નેટ બેંકીંગ મારફત ફી સ્વીકારવાનો સમયગાળો | **09/08/2025 થી 21/08/2025** |
| ૪ | પરીક્ષાનો સંભવિત માસ | **સપ્ટેમ્બર/ઓકટોબર-2025** |

❖ <u>શૈક્ષણિક લાયકાતની વિગતો:</u>

શિક્ષણ વિભાગનો તા. ૧૭-૦૨-૨૦૨૩ના નોટીફિકેશન No.KH/SH/07/PRE/112022/SF-15/K મુજબ પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા દિવ્યાંગ બાળકો માટે ધોરણ ૧ થી ૫ ના ખાસ શિક્ષકો(સ્પેશ્યલ એજ્યુકેટર) માટેની શૈક્ષણિક લાયકાત નીચે પ્રમાણેની રહેશે.

For Std. 1 to 5 Special Teacher (Special Educator)(CP, H.I./S.I., M.D, SLD, I.D/M.R., T.B/ L.V, ASD ની દિવ્યાંગતા કેટેગરી માટે)

(i) have passed Higher Secondary Certificate Examination from the Secondary and Higher Secondary Education Board; and possess:

(ii) Diploma in Education-Special education obtained from Institution recognise by Rehabilitaion council of India & with Valid RCI CRR number.

**or**

Diploma in elementary education with recognise qualification (certificate into diploma) equivalent to Diploma in Education-Special education obtained from Institution recognised by Rehabilitaion council of India & with Valid RCI CRR number.

નોંધ: "(સ્પેશ્યલ એજ્યુકેટર) ખાસ શિક્ષક યોગ્યતા કસોટી-I (Sp.TET-I) માટેની શૈક્ષણિક લાયકાત તેમજ અન્ય બાબતો શિક્ષણ વિભાગના તા.૧૭/૦૨/૨૦૨૩ના ઠરાવ ક્રમાંક:KH/SH/07/PRE/112022/SF-15/K તેમજ ગુજરાત સરકારશ્રી દ્વારા વખતો વખત થતા ઠરાવને આધિન રહેશે. એટલે કે ગુજરાત સરકાર દ્વારા ઠરાવવામાં આવે તે રહેશે.

શૈક્ષણિક લાયકાત તેમજ વયમર્યાદાની વિગતોની ચકાસણી ભરતી પસંદગી સમિતિ દ્વારા કરવામાં આવશે અને આ અંગે ભરતી પસંદગી સમિતિનો નિર્ણય જ અંતિમ રહેશે. રાજ્ય પરીક્ષા બોર્ડ ફી ભરેલ તમામ ઉમેદવારોને પરીક્ષામાં બેસવા તક આપશે. તેથી પરીક્ષા આપી પાસ થવાથી ભરતી માટે લાયક ગણી શકાશે તેવો દાવો કરી શકાશે નહી. આ અંગે ભરતી સમિતિ જે નિર્ણય લે તે આખરી ગણાશે.

❖ <u>કસોટીનું માળખુ:</u>

શિક્ષણ વિભાગના તા. ૧૭-૦૨-૨૦૨૩ના ઠરાવ ક્રમાંક:પીઆરઇ/૧૧૨૦૨૩/સી.ફા.-૧૫/ક મુજબ નીચે પ્રમાણે રહેશે.

- આ કસોટી બહુવિકલ્પ સ્વરૂપની અને વિવિધ હેતુલક્ષી સ્વરૂપની (Multiple Choice Question Based-MCQs) રહેશે.
- વિવિધ હેતુલક્ષી કુલ ૧૫૦ પ્રશ્નો રહેશે અને તેનો સમય સળંગ ૯૦ મિનિટનો રહેશે.
- તમામ વિભાગો અને તેના તમામ પ્રશ્નો ફરજિયાત રહેશે.
- તમામ વિભાગોનું એક જ પેપર રહેશે.
- પ્રશ્નપત્રનું માધ્યમ ગુજરાતી રહેશે.

<u>વિભાગ-૧</u>: બાળ વિકાસ અને શિક્ષણના સિધ્ધાંતો (Child Development & Pedagogy)(<u>દિવ્યાંગતા આધારીત</u>):

૩૦ બહુહેતુક પ્રશ્નો: દરેકનો એક ગુણ: કુલ ગુણ-૩૦

જેમાં Reasoning Ability, Logical Ability, Teacher Aptitude, Data Interpretation જેવી બાબતો પણ સમાવવામાં આવશે.

બાળવિકાસ અને શિક્ષણના સિધ્ધાંતોનો વિભાગ ૬ થી ૧૧ વયજૂથનાં બાળકો માટેના અધ્યયન-અધ્યાપનના શૈક્ષણિક મનોવિજ્ઞાન આધારિત રહેશે. ઉમેદવારની વૈચારિક દોહન પ્રક્રિયાનું મૂલ્યાંકન થાય, વિદ્યાર્થી સાથેની સબળ આંતરક્રિયા અંગેની તેની સંકલ્પનાઓ જાણી શકાય, બાળકેન્દ્રી અધ્યાપન માટેની વિષયસજ્જતા કેવી છે તેનું સુચારૂ મૂલ્યાંકન થાય તેવા વ્યવહારૂ પ્રશ્નો (Applied Questions) અંગેની વિચારપ્રેરક વિષય સામગ્રી દિવ્યાંગતાને ધ્યાને રાખી કસોટીમાં પૂછવામાં આવશે.

વિભાગ ૨ અને ૩ ભાષા ૧ અને ૨ (ગુજરાતી અને અંગ્રેજી): 30-30 પ્રશ્નો : દરેકનો એક ગુણ : કુલ ગુણ – ૬૦

ભાષાકીય સજ્જતા અને વિદ્યાર્થીઓ સાથેના વર્ગવ્યવહાર અને આંતરક્રિયાને લગતી સજ્જતાનું મૂલ્યાંકન-ભાષા-૧ (ગુજરાતી) માં થશે. જ્યારે ભાષા-૨ (અંગ્રેજી)માં ભાષાનાં મૂળભૂત તત્વો, પ્રત્યાયન અને સાર અર્થગ્રહણની ક્ષમતાનું મૂલ્યાંકન કરવામાં આવશે.

વિભાગ-૪ : ગણિત: 30 પ્રશ્નો: દરેકનો એક ગુણ : કુલ ગુણ – 30

વિષયની સંકલ્પના સ્પષ્ટીકરણ અંગેની બાબતો અને Problem Solving Abilities (સમસ્યાઉકેલ સંબંધી ક્ષમતા) તથા વિષયના પધ્ધતિશાસ્ત્ર(દિવ્યાંગતા આધારીત) અને વિષયવસ્તુનું વ્યવહારિક પ્રશ્નો દ્વારા મૂલ્યાંકન થશે.

વિભાગ-૫: પર્યાવરણ, સામાજિક વિજ્ઞાન, સામાન્ય જ્ઞાન, વર્તમાન પ્રવાહોની જાણકારી : 30 પ્રશ્નો : દરેકનો એક ગુણ : કુલ ગુણ – 30

આમ આ કસોટી માટે ધોરણ ૧ થી ૫ નો અભ્યાસક્રમ ધ્યાને લેવો, પરંતુ તેનું કઠિનતામૂલ્ય અને સંબંધ માધ્યમિક શિક્ષણ સાથેનું હોય તે જરૂરી છે. તેમજ અધ્યયન-અધ્યાપન પધ્ધતિમાં દિવ્યાંગતાને ધ્યાને રાખી પ્રશ્નો પૂછવામાં આવશે.

- દરેક પ્રશ્નનો એક ગુણ રહેશે.
- આ કસોટીઓના મુલ્યાંકનમાં કોઇ નકારાત્મક મુલ્યાંકન રહેશે નહી.
- પ્રશ્નપત્રનો અભ્યાસક્રમ શિક્ષણ વિભાગ દ્વારા વખતો વખત ઠરાવવામાં આવે તે મુજબનો રહેશે.

❖ નોંધ:

- શૈક્ષણિક લાયકાત તેમજ વયમર્યાદાની વિગતોની ચકાસણી ભરતી પસંદગી સમિતિ દ્વારા કરવામાં આવશે અને આ અંગે ભરતી પસંદગી સમિતિનો નિર્ણય જ અંતિમ રહેશે. રાજ્ય પરીક્ષા બોર્ડ ફી ભરેલ તમામ ઉમેદવારોને પરીક્ષામાં બેસવા તક આપશે. તેથી પરીક્ષા આપી પાસ થવાથી ભરતી માટે લાયક ગણી શકાશે તેવો દાવો કરી શકાશે નહી. આ અંગે ભરતી સમિતિ જે નિર્ણય લે તે આખરી ગણાશે.

❖ પરીક્ષા ફી:

- SC, ST, SEBC, PH ,General(EWS) કેટેગરીના ઉમેદવારો માટે પરીક્ષા ફી 350/- (ત્રણસો પચાસ પુરા) જ્યારે સામાન્ય કેટેગરીના ઉમેદવારો માટેની પરીક્ષા ફી 500/- (પાંચસો પુરા) ભરવાની રહેશે. આ ઉપરાંત સર્વિસ ચાર્જ અલગથી રહેશે.
- કોઇપણ સંજોગોમા ભરેલ ફી પરત કરવામા આવશે નહિ.

❖ <u>ફી ભરવાની પધ્ધતિ:</u>

- ઉમેદવાર ઓનલાઇન પેમેન્ટ ગેટવે દ્વારા DEBIT CARD/NET BANKING/CREDIT CARD/UPI થી પરીક્ષા ફી ભરી શકશે. ઓનલાઇન ફી જમા કરાવવા માટે "Print Application/Pay Fees" ઉપર ક્લીક કરવું અને વિગતો ભરવી. ત્યાર બાદ "Online Payment" ઉપર ક્લીક કરવું. ત્યારબાદ વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરવો અને આગળની વિગતો ભરવી. ફી જમા થયા બાદ આપને આપની ફી જમા થઇ ગઇ છે તેવું " Successful Transaction " નો મેસેજ screen પર લખાયેલો આવશે. અને e-receipt મળશે જેની પ્રિન્ટ કાઢી લેવી.
- જો પ્રક્રિયામાં કોઇ ખામી હશે તો screen પર આપની ફી ભરાયેલ નથી તેમ જોવા મળશે. જે ઉમેદવારની ફી ડેબિટ થયેલ છે અને ઇ-રસીદ આવી રહી નથી. તો કૃપા કરીને થોડા સમય પછી અથવા બીજા દિવસે ઇ-રસીદ માટે તપાસ કરો. જો હજુ પણ ઇ-રસીદ જનરેલ ન થઇ હોય તો કૃપા કરીને ફરીથી ફી ચુકવો.
- સુરક્ષાના કારણોને લીધે દરેક ડેબિટ અથવા ક્રેડિટ કાર્ડનો ઉપયોગ દિવસમાં મહત્તમ બે વખત થઇ શકે છે. તેથી કૃપા કરીને એક કાર્ડનો ઉપયોગ બે કરતા વધુ વખત કરશો નહી.
- ઓનલાઇન ફી ભરનાર ઉમેદવારે જો તેના બેંક ખાતામાંથી ફીની રકમ કપાયા બાદ ફીની e-receipt જનરેટ ન થઇ હોય તો તેવા ઉમેદવારોએ રાજ્ય પરીક્ષા બોર્ડનો ઇ-મેલ (gseb21@gmail.com) થી સંપર્ક કરવાનો રહેશે.

❖ <u>પરીક્ષા કેન્દ્ર:</u>

- પરીક્ષા માટે નોંધાયેલ ઉમેદવારોની સંખ્યા તથા પરીક્ષાલક્ષી વહીવટી અનુકૂળતા અનુસાર રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ગુજરાત રાજ્યમાં જ કસોટી/પરીક્ષા કેન્દ્રો નક્કી કરવામાં આવશે. ઉમેદવારે બોર્ડ દ્વારા ફાળવવામાં આવેલ પરીક્ષા કેન્દ્ર પર સ્વખર્ચે પરીક્ષા આપવા ઉપસ્થિત રહેવાનું રહેશે.

❖ <u>પ્રશ્નપત્રના માધ્યમ:</u>

- પ્રશ્નપત્રનું માધ્યમ ગુજરાતી રહેશે.

❖ <u>અગત્યની સુચનાઓ:</u>

1. ફોર્મ ભરવાની છેલ્લી તારીખ પછીથી વેબસાઈટ નિયમિત જોતા રહેવું આવશ્યક છે.
2. પરીક્ષા સંબંધી વિગતોથી સતત માહિતગાર થવા માટે http://www.sebexam.org વેબસાઈટ જોતા રહેવાનું રહશે.
3. ઓનલાઈન અરજીપત્રકમાં દર્શાવેલ વિગતો અંગે રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ખરાઈ કરવામાં આવતી નથી. આથી વ્યક્તિગત માહિતી, શૈક્ષણિક લાયકાત, અનુભવ તેમજ અન્ય વિગત માટે ઉમેદવાર પોતે જવાબદાર રહે છે.
4. આ કસોટી માટે રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા આવેદનપત્ર ઓનલાઇન ભરાવવામાં આવે છે અને તેમાં જે માહિતી માંગેલ હોય તે માહિતીની વિગતો ઉમેદવાર દ્વારા છુપાવવામાં આવી હોય અથવા ખોટી માહિતી આપવાનું બોર્ડને માલુમ પડશે તો તેવા ઉમેદવારના પરિણામ રદ કરવાનો નિર્ણય અધ્યક્ષશ્રી, રાજ્ય પરીક્ષા બોર્ડ લેશે. પરીક્ષાલક્ષી તમામ બાબતો માટે અધ્યક્ષશ્રી રાજ્ય પરીક્ષા બોર્ડનો નિર્ણય આખરી રહેશે.
5. ઉમેદવારે પોતે ભરેલ ફોર્મની વિગત સાચી છે તેવું પ્રમાણપત્ર ઓનલાઈન આપવાનું રહેતુ હોઈ જો કોઈ ખોટી વિગત રજુ કરશે તો તેનુ ફોર્મ રદ થવા પાત્ર બનશે તથા તેની સામે ફોજદારી ગુનો બનશે.

6. વ્યક્તિગત માહિતી, શૈક્ષણિક લાયકાત, અનુભવ તેમજ અન્ય વિગતોની ચકાસણી ભરતી પસંદગી સમિતિ દ્વારા કરવામાં આવશે અને આ અંગે ભરતી પસંદગી સમિતિનો નિર્ણય જ અંતિમ રહેશે.
7. અનુસૂચિત જાતિના તેમજ અનુસૂચિત જનજાતિના કિસ્સામાં સક્ષમ અધિકારીનું જાતિ પ્રમાણપત્ર હોવું જરૂરી છે.
8. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારો માટે રાજય સરકારે નકકી કરેલા સક્ષમ અધિકારીનું સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગનું જાતિ પ્રમાણપત્ર તથા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ માટે સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા:૨૬/૦૪/૨૦૧૬ ના ઠરાવ ક્રમાંક:સશપ/૧૨૨૦૧૫/૪૫૫૨૪૬/અ અને આ અંગે વખતોવખતના ઠરાવ મુજબનું સક્ષમ અધિકારીનું ઉન્નતવર્ગમાં સમાવેશ થતો ન હોવાનું (નોન ક્રિમીલીયર સર્ટી) પ્રમાણપત્ર મેળવેલ હોવું જોઈએ.
9. આર્થિક રીતે નબળા વર્ગોના ઉમેદવારોએ રાજ્ય સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૫/૦૧/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક: ઇ.ડબલ્યુ.એસ./૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ અને તા.૧૩-૦૯-૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક ઇ.ડબલ્યુ.એસ./૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ થી નિયત થયેલ નમૂનામા મેળવેલ આર્થિક રીતે નબળા વર્ગો માટેના પ્રમાણ પાત્રના નંબર અને તારીખ ઓનલાઈન અરજી કરતી વખતે આ પાત્રતા પ્રમાણ આ જાહેરાત માટે ઓનલાઈન કરવાની છેલ્લી તારીખ ઈસ્યુ કરાયેલ હોવુ જોઈએ અન્યથા અમાન્ય ગણવામાં આવશે.
10. શારિરીક અપંગતા(Physically Handicap) ના કિસ્સામાં રાજય સરકારે નકકી કરેલ સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર હોવું જરૂરી છે.
11. ઉમેદવારે વેબસાઈટ પર ઓનલાઇન ભરેલ ફોર્મની પ્રિન્ટ કાઢીને જરૂરી આધારો જેવા કે, પરીક્ષા ફી ભર્યાની પે સ્લીપ નકલ, જાતિ પ્રમાણપત્ર , આર્થિક રીતે નબળા વર્ગ, ઉન્નતવર્ગમાં સમાવેશ થતો ન હોવાનું (નોન ક્રિમીલીયર સર્ટી) પ્રમાણપત્ર અને શારિરીક અપંગતા (Physically Handicap) અંગેનું પ્રમાણપત્ર પૈકી ઉમેદવારને લાગુ પડતા હોય તેવા આધારો પોતાની પાસે રાખવાના રહેશે. જ્યારે કોઈ જરૂરિયાત ઉપસ્થિત થાય ત્યારે ઉમેદવારે તે રજુ કરવાના રહેશે.
12. જે ઉમેદવારે નિયત પરીક્ષા ફીની પે સ્લીપની રસીદ મેળવેલ હશે તે જ ઉમેદવાર પોતાની કમ્પ્યુટરાઈઝ હોલટિકિટ પોતાનો કન્ફર્મેશન નંબર અને જન્મ તારીખ નાખી ડાઉનલોડ કરી શકશે.
13. ઉમેદવારે હોલટિકિટ ડાઉનલોડ કર્યા બાદ તેની નીચે/પાછળ આપેલી સૂચનાઓનો વિગતવાર અભ્યાસ કરવો. OMR શીટ પર છાપેલ તમામ સૂચનાઓનો વિગતવાર અભ્યાસ કરવો ખૂબ જ જરૂરી છે. જેથી પરીક્ષા સમયે કોઈ ગુંચવણ ઊભી ન થાય.
14. આ કસોટીમાં જનરલ કેટેગરી માટે ઓછામાં ઓછા 60% (90 ગુણ) મેળવેલ હશે તો જ પાસ ગણાશે.
15. અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, આર્થિક રીતે નબળા વર્ગ અને શારિરીક અપંગતા (Physically Handicap) ધરાવતા ઉમેદવારોના કિસ્સામાં ઓછામાં ઓછા 55% (82 ગુણ) મેળવેલ હશે તો જ પાસ ગણાશે.

નોંધ: આ પરીક્ષાનું માળખુ, પરીક્ષા પધ્ધતિ અને બાકીની સુચનાઓ પરીક્ષા પહેલા સરકારશ્રીના વખતોવખતના ઠરાવો, સુચનાઓ અને જોગવાઈઓને આધિન રહેશે.

16. રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા લેવાઈ રહેલ આ કસોટી બાબતે ઉમેદવારોને લાલચ કે છેતરપીંડી આચરે તેવા અસામાજિક તત્વોથી સાવધ રહેવા જણાવવામાં આવે છે. કોઈપણ પ્રકારની લાગવગ/દબાણ લાવનાર ઉમેદવારને ગેરલાયક ઠરાવીને શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

17. ઉકત જાહેરાત અન્વયે વધુ માહિતીની જરૂર જણાય તો કચેરીના ચાલુ કામકાજના દિવસે કચેરી સમય દરમિયાન બોર્ડની કચેરીના ટોલ ફ્રી હેલ્પલાઈન નંબર (૦૭૯) ૨૩૨૪૮૪૬૧, ૨૩૨૪૮૪૬૨ ઉપર સંપર્ક કરી શકાશે.

18. આ કસોટી પ્રાથમિક શાળામાં ખાસ પ્રાથમિક શિક્ષક/ વિદ્યાસહાયક તરીકે નિમણૂંક મેળવવા માટે જરૂરી લાયકાત પ્રાપ્ત કરવા માટેની છે, આ કસોટી પાસ કરવાથી ખાસ પ્રાથમિક શિક્ષક/ વિદ્યાસહાયક તરીકે પસંદગી પામવાનો હક મળતો નથી.

❖ ઓનલાઈન અરજી કરવાની રીત :

- આ જાહેરાતના સંદર્ભમાં રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા તા:08/08/2025 થી તા:19/08/2025 દરમિયાન http://www.sebexam.org પર ઓનલાઈન જ અરજીપત્રક સ્વીકારવામાં આવશે. ઉમેદવારે નિયત કરેલ ફોર્મ ઓનલાઈન ભરવા માટેની સૂચનાઓ નીચે મુજબની છે. ઉમેદવારે અરજી કરવા માટે નીચે મુજબના સ્ટેપ્સ અનુસરવાના રહેશે.
- અરજી ફોર્મ ચોકસાઈપૂર્વક online ભરવાનું રહેશે. નામ, અટક, જન્મ તારીખ, જાતિ (કેટેગરી) કે અન્ય કોઈ બાબતે પાછળથી બોર્ડ દ્વારા સુધારો કરવામાં આવશે નહી. જેની ખાસ નોંધ લેવી.
- સમગ્ર ફોર્મ અંગ્રેજીમાં ભરવાનું રહેશે.
- સૌ પ્રથમ http://www.sebexam.org પર જવું.
- "Apply Online" પર Click કરવું.
- Apply Now પર Click કરવાથી Application Form દેખાશે. Application Form માં સૌ પ્રથમ Personal Details ઉમેદવારે ભરવી. (અહીં લાલ(*) ફુંદડીની નિશાની જયાં હોય તેની વિગતો ફરજિયાત ભરવાની રહેશે.)
- Educational Details પૂરેપૂરી ભરવી.
- હવે Save પર Click કરવાથી તમારો Data Save થશે. અહીં ઉમેદવારનો Application Number Generate થશે. જે ઉમેદવારે સાચવીને રાખવાનો રહેશે.
- હવે પેજના ઉપરના ભાગમાં Upload Photo પર click કરો. અહીં તમારો Application Number Type કરો અને તમારી Birth Date Type કરો. ત્યાર બાદ OK પર Click કરો. અહીં Photo અને Signature upload કરવાના છે. Photo અને Signature upload કરવા સૌ પ્રથમ તમારો Photo અને Signature JPG Format માં (15 KB) સાઈઝથી વધારે નહીં તે રીતે સોફ્ટકોપીમાં હોવા જોઈએ. Browse Button પર Click કરો. હવે Choose File ના સ્ક્રીનમાંથી જે ફાઈલમાં JPG Format માં તમારો Photo Store થયેલ છે તે ફાઇલને તેમજ તમારી Sign Store થયેલ છે તે ફાઈલને તેમજ જે Certificates Store થયેલ છે તે બધી ફાઈલને Select કરો અને Open Button ને Click કરો. અને Upload Button પર Click કરો, હવે બાજુમાં તમારો Photo, Sign તેમજ તમારા બધા Certificates દેખાશે.
- હવે પેજના ઉપરના ભાગમા Confirm Application પર Click કરો અને Application Number તથા Birth Date Type કર્યા બાદ Submit પર Click કરવાથી Application Preview દેખાશે અને Confirm Application પર Click કરી પોતાની અરજી Confirm કરવાની રહેશે
- વધુમાં ઉમેદવારે વિગતો ભરતી વખતે જો પોતાના નામ, અટક, જન્મ તારીખ કે કેટેગરી જો કોઇ ભૂલ કરેલ હશે તો પાછળથી માર્કશીટમાં કોઈ સુધારો કરવામાં નહી આવે તેની ઉમેદવારે ખાસ ધ્યાન રાખવું.

- Confirm Application પર Click કરવાથી ઉમેદવારની અરજીનો બોર્ડમાં online સ્વીકાર થઈ જશે. અહીં Confirm Number Generate થશે. જે ત્યારપછીની બધી જ કાર્યવાહી માટે જરૂરી હોઈ ઉમેદવારે સાચવવાનો રહેશે. ઉમેદવારે બોર્ડ સાથે કોઈપણ પત્રવ્યવહાર કે રજૂઆત કરતી વખતે પોતાનો આ Confirmation Number દર્શાવવાનો રહેશે.
- આ પરીક્ષાની ફી માત્ર ઓનલાઈન પેમેન્ટ મોડ થી ભરવાની રહેશે.
- ઉમેદવારે ઓનલાઈન પેમેન્ટ ગેટવે દ્વારા DEBIT CARD/NET BANKING/CREDIT CARD/UPI થી પરીક્ષા ફી ભરી શકશે.

સ્થળ:ગાંધીનગર
તારીખ:31/07/2025

અધ્યક્ષ
રાજય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર

નકલ સવિનય જાણ તથા અમલ સારૂ:

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ.
- જનરલ મેનેજરશ્રી, ઇન્ડેક્ષ-બી, ઉધોગ ભવન, ગાંધીનગર.
- મેનેજરશ્રી, બીલડેસ્ક, અમદાવાદ.

નકલ સવિનય રવાના જાણ સારૂ :

- માન. શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી - શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય, ગાંધીનગર.
- માન. રાજય કક્ષાના શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી - શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય, ગાંધીનગર.
- માન. અગ્ર સચિવશ્રી(પ્રા.મા.શિક્ષણ) ના અંગત મદદનીશ સચિવશ્રી, શિક્ષણ વિભાગ, નવા સચિવાલય, ગાંધીનગર.
- માન. નાયબ સચિવશ્રી, પ્રાથમિક શિક્ષણ, નવા સચિવાલય, ગાંધીનગર.
- માન. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, વિદ્યાસમિક્ષા કેન્દ્ર, સેક્ટર-૧૯, ગાંધીનગર.
- માન. નિયામકશ્રી, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- માન.નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરી, ગાંધીનગર.
- સચિવશ્રી, સર્વ શિક્ષા અભિયાનની કચેરી, ગાંધીનગર.
- પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, તમામ.
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ.
- શાસનાધિકારીશ્રી, તમામ.

ખાસ શિક્ષકો(સ્પેશ્યલ એજયુકેટર)

માટેની કસોટી

ગુજરાતસરકાર

શિક્ષણ વિભાગ

ઠરાવ ક્રમાંકઃપીઆરઇ/૧૧૨૦૨૩/સી.ફા.-૧૫/ક

સચિવાલય, ગાંધીનગર

તા.૧૭/૦૨/૨૦૨૩

વંચાણે લીધા:-

૧. The Right of Children to Free and Compulsory Education Act-2009

૨. શિક્ષા મંત્રાલય, ભારત સરકારનો તા.૧૦-૦૬-૨૦૨૨નો પત્ર ક:F.No.3-5/2021/IS.18

3. શિક્ષા મંત્રાલય, ભારત સરકારનું તા.૨૧-૦૯-૨૦૨૨ના જાહેરનામા ક:S.O. 4586( E )

પ્રસ્તાવના :-

નામ.સુપ્રિમ કોર્ટ સમક્ષની Writ Petition(Civil) 132/2016 ના કેસમાં નામ.સુપ્રિમ કોર્ટના તા.૨૮-૧૦-૨૦૨૨ના ચુકાદા અન્વયે વંચાણમાં લીધેલ ક્રમાંક-(૨) મુજબના શિક્ષા મંત્રાલય, ભારત સરકારના તા.૧૦-૦૬-૨૦૨૨ના પત્રથી ખાસ શિક્ષકો(સ્પેશ્યલ એજયુકેટર)ની નિમણૂક માટે વિધાર્થી-શિક્ષક રેશિયો નિયત કરવામાં આવેલ છે. તથા ખાસ શિક્ષકો(સ્પેશ્યલ એજયુકેટર)ની નિમણૂક માટે ત્રિસ્તરીય કસોટી પ્રક્રિયા સૂચવેલ છે.

શિક્ષા મંત્રાલય, ભારત સરકારના તા.૧૦-૦૬-૨૦૨૨ના ઉકત પત્ર તથા RTE Act-2009 ને ધ્યાને લેતાં આ પ્રકારની શિક્ષક યોગ્યતા કસોટીના આયોજન, સુચારૂ સંચાલન અને અમલીકરણની બાબત રાજય સરકારની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાના અંતે ખાસ શિક્ષકો(સ્પેશ્યલ એજયુકેટર)ની કસોટી માટે નીચે મુજબના નિયમો ઠરાવવામાં આવે છે. ખાસ શિક્ષકો(સ્પેશ્યલ એજયુકેટર)ની યોગ્યતા કસોટીનું આયોજન રાજય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા કરવામાં આવશે. આ કસોટી માટેની ફીનું ધોરણ રાજય પરીક્ષા બોર્ડ નકકી કરશે.

ખાસ શિક્ષક (સ્પેશ્યલ એજ્યુકેટર) શિક્ષક યોગ્યતા કસોટી-I (Sp.TET-I) (ધોરણ-૧ થી ૫)

❖ <u>કસોટીનું માળખુ:</u>

- આ કસોટી બહુવિકલ્પ સ્વરૂપની અને વિવિધ હેતુલક્ષી સ્વરૂપની (Multiple Choice Question Based-MCQs રહેશે.
- વિવિધ હેતુલક્ષી કુલ ૧૫૦ પ્રશ્નો રહેશે અને તેનો સમય સળંગ ૯૦ મિનિટનો રહેશે.
- તમામ વિભાગો અને તેના તમામ પ્રશ્નો ફરજિયાત રહેશે.
- તમામ વિભાગોનું એક જ પેપર રહેશે. અને પ્રશ્નપત્રનું માધ્યમ ગુજરાતી રહેશે.

વિભાગ-૧: બાળ વિકાસ અને શિક્ષણના સિધ્ધાંતો (Child Development & Pedagogy)(<u>દિવ્યાંગતા આધારીત</u>): 30 બહુહેતુક પ્રશ્નો: દરેકનો એક ગુણ: કુલ ગુણ-30

જેમાં Reasoning Ability, Logical Ability, Teacher Aptitude, Data Interpretation જેવી બાબતો પણ સમાવવામાં આવશે.

બાળવિકાસ અને શિક્ષણના સિધ્ધાંતોનો વિભાગ ૬ થી ૧૧ વયજૂથનાં બાળકો માટેના અધ્યયન-અધ્યાપનના શૈક્ષણિક મનોવિજ્ઞાન આધારિત રહેશે. ઉમેદવારની વૈચારિક દોહન પ્રક્રિયાનું મૂલ્યાંકન થાય, વિદ્યાર્થી સાથેની સબળ આંતરક્રિયા અંગેની તેની સંકલ્પનાઓ જાણી શકાય, બાળકેન્દ્રી અધ્યાપન માટેની વિષયસજ્જતા કેવી છે તેનું સુચારૂ મૂલ્યાંકન થાય તેવા વ્યવહારૂ પ્રશ્નો (Applied Questions) અંગેની વિચારપ્રેરક વિષય સામગ્રી <u>દિવ્યાંગતાને ધ્યાને રાખી</u> કસોટીમાં પૂછવામાં આવશે.

વિભાગ ૨ અને ૩ : ભાષા ૧ અને ૨ ( ગુજરાતી અને અંગ્રેજી) : 30-30 પ્રશ્નો : દરેકનો એક ગુણ : કુલ ગુણ – ૬૦

ભાષાકીય સજ્જતા અને વિદ્યાર્થીઓ સાથેના વર્ગવ્યવહાર અને આંતરક્રિયાને લગતી સજ્જતાનું મૂલ્યાંકન-ભાષા-૧ (ગુજરાતી)માં જયારે ભાષા -૨ (અંગ્રેજી)માં થશે. ભાષાનાં મૂળભૂત તત્વો, પ્રત્યાયન અને સાર અર્થગ્રહણની ક્ષમતાનું મૂલ્યાંકન કરવામાં આવશે.

વિભાગ ૪ : ગણિત : 30 પ્રશ્નો : દરેકનો એક ગુણ : કુલ ગુણ – 30

વિષયની સંકલ્પના સ્પષ્ટીકરણ અંગેની બાબતો અને Problem Solving Abilities (સમસ્યા ઉકેલ સંબંધી ક્ષમતા) તથા વિષયના પધ્ધતિશાસ્ત્ર અને વિષયવસ્તુનું વ્યવહારિક પ્રશ્નો દ્વારા મૂલ્યાંકન થશે.

વિભાગ - ૫: પર્યાવરણ, સામાજિક વિજ્ઞાન, સામાન્ય જ્ઞાન, વર્તમાન પ્રવાહોની જાણકારી : ૩૦ પ્રશ્નો : દરેકનો એક ગુણ : કુલ ગુણ – ૩૦

આમ આ કસોટી માટે ધોરણ ૧ થી ૫ નો અભ્યાસક્રમ ધ્યાને લેવો, પરંતુ તેનું કઠિનતામૂલ્ય અને સંબંધ માધ્યમિક શિક્ષણ સાથેનું હોય તે જરૂરી છે. તેમજ અધ્યયન-અધ્યાપન પધ્ધતિમાં દિવ્યાંગતાને ધ્યાને રાખી પ્રશ્નો પૂછવામાં આવશે.

- દરેક પ્રશ્નનો એક ગુણ રહેશે.
- આ કસોટીઓના મુલ્યાંકનમાં કોઇ નકારાત્મક મુલ્યાંકન રહેશે નહી.
- પ્રશ્નપત્રનો અભ્યાસક્રમ શિક્ષણ વિભાગ દ્વારા વખતો વખત ઠરાવવામાં આવે તે મુજબનો રહેશે.
- આ કસોટીમાં જનરલ કેટેગરી માટે ઓછામાં ઓછા 60% (૯૦ ગુણ) મેળવેલ હશે તો જ પાસ ગણાશે.
- અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, આર્થિક રીતે નબળા વર્ગ અને શારિરીક અપંગતા (Physically Handicap) ધરાવતા ઉમેદવારોના કિસ્સામાં ઓછામાં ઓછા 55% (82 ગુણ) મેળવેલ હશે તો જ પાસ ગણાશે.

## ખાસ શિક્ષક (સ્પેશ્યલ એજ્યુકેટર) શિક્ષક યોગ્યતા કસોટી-II (Sp.TET-II) (ધોરણ-૬ થી ૮)

❖ કસોટીનું માળખુ:

- આ કસોટી બહુવિકલ્પ સ્વરૂપની અને વિવિધ હેતુલક્ષી સ્વરૂપની (Multiple Choice Question Based-MCQs) રહેશે.
- આ કસોટી બે વિભાગમાં રહેશે. વિભાગ-૧ માં ૭૫ પ્રશ્નો તથા વિભાગ-૨ માં ૭૫ પ્રશ્નો રહેશે.
- આ કસોટીના બંન્ને વિભાગ અને તમામ પ્રશ્નો ફરજીયાત રહેશે. આ કસોટીના બંન્ને વિભાગનું સળંગ એક જ પ્રશ્નપત્ર રહેશે.
- આ કસોટીમાં વિવિધ હેતુલક્ષી કુલ ૧૫૦ પ્રશ્નો માટેના પ્રશ્નપત્રનો સળંગ સમય ૧૨૦ મિનીટનો રહેશે.
- પ્રશ્નપત્રનું માધ્યમ ગુજરાતી રહેશે

વિભાગ - ૧: કુલ ૭૫ પ્રશ્નો: દરેકનો એક ગુણ: કુલ ગુણ: ૭૫

❑ બાળવિકાસ અને શિક્ષણના સિધ્ધાંતો (Child Development & Pedagogy) (દિવ્યાંગતા આધારીત) : ૨૫ પ્રશ્નો : દરેકનો એક ગુણ : કુલ ગુણ - ૨૫

જેમા Reasoning Ability, Logical Ability, Teacher Aptitude, Data Interpretation જેવી બાબતો પણ સમાવવામાં આવશે.

બાળવિકાસ અને શિક્ષણના સિધ્ધાંતોનો વિભાગ ૧૧ થી ૧૪ વયજૂથનાં બાળકો માટેના અધ્યયન-અધ્યાપનના શૈક્ષણિક મનોવિજ્ઞાન આધારિત રહેશે. ઉમેદવારની વૈચારિક દોહન પ્રક્રિયાનું મૂલ્યાંકન થાય, વિધ્યાર્થી સાથેની સબળ આંતરક્રિયા અંગેની તેની સંકલ્પનાઓ જાણી શકાય, બાળકેન્દ્રી અધ્યાપન માટેની વિષય સજ્જતા કેવી છે તેનું સુયારૂ મૂલ્યાંકન થાય તેવા વ્યવહારૂ પ્રશ્નો (Applied Questions) અંગેની વિચાર પ્રેરક વિષય સામગ્રી દિવ્યાંગતાને ધ્યાને રાખી કસોટીમાં પૂછવામાં આવશે.

❑ ભાષા (ગુજરાતી અને અંગ્રેજી): ૨૫ પ્રશ્નો : દરેકનો એક ગુણ: કુલ ગુણ- ૨૫

ભાષાકીય સજ્જતા અને વિદ્યાર્થીઓ સાથેના વર્ગવ્યવહાર અને આંતરક્રિયાને લગતી સજ્જતાનું મૂલ્યાંકન ગુજરાતીમાં થશે. જ્યારે અંગ્રેજીમાં ભાષાનાં મૂળભૂત તત્વો, પ્રત્યાયન અને સારઅર્થગ્રહણની ક્ષમતાનું મૂલ્યાંકન કરવામાં આવશે.

❑ સામાન્ય જ્ઞાન, વર્તમાન પ્રવાહોની જાણકારી: ૨૫ પ્રશ્નો : દરેકનો એક ગુણ : કુલ ગુણ - ૨૫

વિભાગ ૨ : કુલ ૭૫ પ્રશ્નો: દરેકનો એક ગુણ: કુલ ગુણ: ૭૫

- વિભાગ-૨માં સયુક્ત રીતે ગણિત, વિજ્ઞાન અને ટેકનોલોજી, ભાષાઓ અને સામાજિક વિજ્ઞાન વિષયોના પ્રશ્નો પૂછવામાં આવશે.(વિષયના પધ્ધતિશાસ્ત્ર અને વિષયવસ્તુનું વ્યવહારિક પ્રશ્નો દ્વારા મૂલ્યાંકન થશે.)
- આ કસોટી માટે ધોરણ ૬ થી ૮ નો અભ્યાસક્રમ ધ્યાને લેવાશે પરંતુ તેનું કઠિનતામૂલ્ય અને સંબંધ ઉચ્ચ માધ્યમિક શિક્ષણનો રહેશે. તેમજ અધ્યયન-અધ્યાપન પધ્ધતિમાં દિવ્યાગંતાને ધ્યાને રાખી પ્રશ્નો પૂછવામાં આવશે.
- દરેક પ્રશ્નનો એક ગુણ રહેશે.
- આ કસોટીઓના મુલ્યાંકનમાં કોઇ નકારાત્મક મુલ્યાંકન રહેશે નહી.
- આ કસોટીમાં જનરલ કેટેગરી માટે વિભાગ-૧ અને ૨ બંન્નેમાં મળી ઓછામાં ઓછા 60% (90 ગુણ) મેળવેલ હશે તો જ પાસ ગણાશે.

- અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, આર્થિક રીતે નબળા વર્ગ અને શારિરીક અપંગતા (Physically Handicap) ધરાવતા ઉમેદવારોના કિસ્સામાં વિભાગ-૧ અને ૨ બંન્નેમાં મળી ઓછામાં ઓછા 55% (82 ગુણ) મેળવેલ હશે તો જ પાસ ગણાશે.

સરકારી પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે ખાસ શિક્ષકો(Sp. Educator(Teacher)ની કસોટી બાબત ખાસ શિક્ષક યોગ્યતા કસોટી-૧ (Sp. TET-I) તથા ખાસ શિક્ષક યોગ્યતા કસોટી-૨(Sp. TET-II) ઉપરાંત બંને કસોટી વર્ગખંડ અવલોકન(Classroom Teaching) અને સમાલાપ(Interview) આધારિત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જયશ્રી દેવાંગન)
સંયુકત સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ:

- માન. રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્રથી)
- માન. માન. મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણીમ સંકુલ-૧,સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક.મંત્રીશ્રી(પ્રાથમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણીમ સંકુલ-૨,સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રી(શિક્ષણ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી(પ્રા.શિ/મા.શિ),શિક્ષણ વિભાગ,સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, બ્લોક-૧૨, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- સચિવશ્રી, રાજય પરીક્ષા બોર્ડ, સેકટર-૨૧, ગાંધીનગર
- સર્વે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ } મારફત:નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી
- સર્વે શાસનાધિકારીશ્રીઓ
- શાખાધિકારીશ્રી, ક-૧, ચ, ન, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
  *(આ ઠરાવ વિભાગની વેબસાઇટ ઉપર મૂકવા સારૂ)*
- સિલેકટ ફાઇલ-૨૦૨૩
- ના.સે.અ. સિલેક્ટ ફાઇલ-૨૦૨૩

NOTIFICATION

Education Department

Sachivalaya, Gandhinagar

Dated the 17th February ,2023

Constitution of India

No.KH/SH/07/PRE/112022/SF-15/K :- In exercise of the powers conferred by the proviso to article 309 of the Constitution of India, the Governor of Gujarat hereby makes the following rules to provide for regulating recruitment to the post of Special Educator, Class lll, in the subordinate service of the Directorate of Primary Education and DistrictPrimary Education Committees or Municipal Primary Education Committees, namely:-

1. These rules may be called the Special Educator, Class lll, in the subordinate service of the Directorate of Primary Education and District Primary Education Committees or Municipal Primary Education Committees, Recruitment Rules, 2023.

2. Appointment to the post of Special Educator, Class III, in the subordinate service of the Directorate of Primary Education and District Primary Education Committees or Municipal Primary Education Committees, shall be made by direct selection.

3. To be eligible for appointment by direct selection to the post mentioned in rule 2, a candidate shall -

(a) (i) for Special Educator Standard 1 to 5- not be more than 33 years of age:

(ii) for Special Educator Standard 6 to 8-not be more than 35 years of age:

Provided further that the upper age limit may be relaxed in favour of a candidate who is already in the service of the Government of Gujarat in accordance with the provisions of the Gujarat Civil Services Classification and Recruitment (General) Rules, 1967 ;

(b) (1) for Standard 1 to 5 Special Educator, a candidate shall,

(I) have passed Higher Secondary Certificate Examination from the Secondary and/or Higher Secondary Education Board; and

posses:-

(i) Diploma in Education-Special education obtained from Institution recognised by Rehabilitation council of India; or

(ii) Diploma in elementary education with recognise qualification (certificate into diploma) equivalent to Diploma in Education- Special education obtained from Institution recognised by Rehabilitation council of India;

(2) for Standard. 6 to 8 Special Educator, a candidate shall,

(i) possess a bachelor's degree obtained from any of the Universities established or incorporated by or under the Central or a State Act in India; or any other educational institute recognised as such or declared to be deemed as a University under section 3 of the University Grants Commission Act, 1956; or possess an equivalent qualification recognised as such by the Government; and

(ii) Bachelor of Education in special education obtained from Institution recognised by Rehabilitation council of India; or

(iii) B.Ed. with recognised qualification (certificate into diploma) equivalent to Bachelor of Education in Special education obtained from Institution recognised by Rehabilitation council of India;

(c) possess the basic Knowledge of computer application as prescribed in the Gujarat Civil Services Classification and Recruitment (General) Rules, 1967;

(d) possess adequate knowledge of Gujarati or Hindi or both; and

(e) have passed the Special Educator Eligibility Test as may be prescribed by the Government;

4. The provisions of rule 9A of the Gujarat Civil Services Classification and Recruitment (General) Rules, 1967 shall be applicable in respect of a candidate appointed by direct selection.

5. The selected candidate shall be required to get himself registered with the Rehabilitation council of India under the Rehabilitation council of India Act, 1992, at the time of his appointment, if he is not so registered.

6. The candidate appointed by direct selection shall be required to undergo such training and pass such examination as may be prescribed by the Government..

7. The candidate appointed by direct selection shall be required to furnish a security and surety bond in such form, for such amount and for such period as may be prescribed by the Government.

By order and in the name of the Governor of Gujarat,

(M. K. Parmar)

Under secretary to the Government

Copy to:

- Principal Secretary to Hon. Governor, Raj Bhavan, Gandhinagar (By letter)
- Secretary to Hon. Chief Minister, Sachivalaya, Gandhinagar.
- Personal Secretary to Hon. Education Minister, Sachivalaya, Gandhinagar.

ખાસ શિક્ષકો(સ્પેશ્યલ એજ્યુકેટર)
માટેની કસોટી

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
સુધારા ઠરાવ ક્રમાંકઃ-પીઆરઈ/૧૧૨૦૨૩/સી.ફા.-૧૫/ક/ન
સચિવાલય, ગાંધીનગર
તા. ૧૬ /૦૯/૨૦૨૩

વંચાણે લીધાઃ-

(૧) સામાન્ય વહિવટ વિભાગના તા.૦૬/૧૧/૨૦૧૫ના ઠરાવ ક્રમાંકઃ પરચ/૧૦૨૦૧૫/ ૧૨૨૩/ક

(૨) શિક્ષા મંત્રાલય, ભારત સરકારનો તા.૧૦/૦૬/૨૦૨૨નો પત્ર ક્રમાંકઃ-F.NO.3-5/2021/ IS.18

(3) શિક્ષણ વિભાગના તા.૧૭/૦૨/૨૦૨૩ના ઠરાવ ક્રમાંકઃ-પીઆરઈ/૧૧૨૦૨૩/સી.ફા.-૧૫ /ક

**પ્રસ્તાવના**

વંચાણે લીધેલ ક્રમાંક (3) પરના શિક્ષણ વિભાગના ઠરાવથી ખાસ શિક્ષકો(સ્પેશ્યલ એજ્યુકેટર)ની નિમણૂંક માટેની ત્રિસ્તરીય કસોટી પ્રક્રિયા નિયત કરવામાં આવેલ હતી.પરંતુ વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના સા.વ.વિના તા.૦૬/૧૧/૨૦૧૫ના ઠરાવથી રાજ્ય સરકારમાં વર્ગ-3 અને વર્ગ-૪ સંવર્ગની તમામ જગ્યાઓની ભરતી પ્રક્રિયામાં રૂબરૂ મુલાકાત(interview)ની જોગવાઈને રદ કરેલ છે.સા.વ.વિ.ના ઠરાવની જોગવાઇને ધ્યાને લેતાં તથા ખાસ શિક્ષકોની જગ્યાની ભરતી પ્રકિયા ઝડપી અને વધુ પારદર્શક બનાવવાના હેતુથી પ્રસ્તુત ઠરાવમાં સુચવેલ ત્રિસ્તરીય કસોટી પ્રક્રિયાને સ્થાને "ખાસ શિક્ષક (સ્પેશ્યલ એજ્યુકેટર) યોગ્યતા કસોટી-I (Sp.TET-I) અને ખાસ શિક્ષક (સ્પેશ્યલ એજ્યુકેટર) યોગ્યતા કસોટી-II (Sp.TET-II) ની લેખીત પરીક્ષામાં પ્રાપ્ત કરેલ ગુણના આધારે નિમણૂંક આપવા" અર્થેની બાબત સરકારશ્રીમાં વિચારણા હેઠળ હતી.

**સુધારા ઠરાવઃ-**

પુખ્ત વિચારણાને અંતે "સરકારી પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે ખાસ શિક્ષકો(Sp. Educator/Teacher)ની કસોટી બાબત ખાસ શિક્ષક યોગ્યતા કસોટી-૧ (Sp.TET-I) તથા ખાસ શિક્ષક યોગ્યતા કસોટી-૨ (Sp.TET-II) ઉપરાંત બંને કસોટી વર્ગખંડ અવલોકન(Classroom Teaching) અને સમાલાપ (Interview) આધારિત કસોટીના સ્થાને "ખાસ શિક્ષક (સ્પેશ્યલ એજ્યુકેટર) યોગ્યતા કસોટી-I (Sp.TET-I) અને ખાસ શિક્ષક (સ્પેશ્યલ એજ્યુકેટર)

યોગ્યતા કસોટી-II (Sp.TET-II)ની લેખીત પરીક્ષામાં પાસ થયેલ ઉમેદવારના મેરીટ આધારિત રહેશે." વંચાણે લીધેલ ક્રમાંક (૩)મુજબના તા.૧૭/૦૨/૨૦૨૩ના ઠરાવની અન્ય વિગતો યથાવત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જયશ્રી દેવાંગન)

સંયુકત સચિવ

શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક.મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, બ્લોક-૧૨/૧, ડૉ. જે.એમ.ભવન, ગાંધીનગર
- સચિવશ્રી, રાજ્ય પરીક્ષા બોર્ડ, સેક્ટર-૨૧, ગાંધીનગર
- સર્વે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ
- સર્વે શાસનાધિકારીશ્રીઓ
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર (આ ઠરાવ વિભાગની વેબસાઈટ ઉપર મૂકવા સારું.)
- સિલેક્ટ ફાઈલ-૨૦૨૩